દિવ્ય ભાસ્કર

ગોધરા-દાહોદ ભાસ્કર 24-12-2025

કોમ્પ્લેક્ષની નીચેથી પસાર થતાં કાંસની સફાઇ નહોતી થતી, સ્ટેબિલીટી રિપોર્ટ બાદ નોટિસ અપાઇ, પછી તોડી પડાયું

નડિયાદમાં 62 વર્ષ જૂનું સરદાર ભુવન અંતે તોડી પડાયું

મનપા દ્વારા ભુવન તોડવાની કામગારી મોડી સાંજ સુધી ચાલી હતી.

ભાસ્કર ન્યૂઝ | નડિયાદ

સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે આવેલા 62 વર્ષ જૂના સરદાર ભુવન કોમ્પ્લેક્સનો અનેક વર્ષોથી ચાલી રહેલા વિવાદનો મંગળવારે અંત આવ્યો હતો. કોમ્પ્લેક્સની નીચેથી પસાર થતા કાંસની સફાઈ થતી ન હોવાથી અને કોમ્પ્લેક્સ જર્જરીત થયું હોવાથી સ્ટેબિલિટી રિપોર્ટ બાદ દુકાનદારોને નોટિસ આપી જર્જરીત માળખું ઉતારી લેવામાં આવ્યું હતું. જોકે, સમગ્ર મામલે દુકાનદારો હાઈકોર્ટમાં જતાં, બુધવારે નડિયાદ મનપાના કમિશ્નર અને બંને ડેપ્યુટી કમિશ્નરને હાઈકોર્ટમાં હાજર રહેવાનો આદેશ કરવામાં આવ્યો છે.

મનપા	VS	દુકાનદારો
2022 થી ભાડું આપ્યું નથી, ટેક્ષ ભર્યો નથી		**2022થી પાલિકાએ ભાડું લેવાનું બંધ કર્યું**

મનપા: 2022 થી ભાડું આપ્યું નથી, ટેક્ષ ભર્યો નથી

- મોટાભાગના દુકાનદારો પેટા ભાડુઆત હતા, નપાની મંજૂરી વિના - સ્ટેમ્પ ડ્યુટી ભર્યા વિના ખાનગી કરાર કરી દુકાનો રાખી હતી
- ફાળવણીની શરતો મુજબ દુકાનદારોએ કાંસની સફાઈ ન કરી, સ્લેબ ચણી લીધા
- પાયા ભર્યા વિના કાંસ ઉપરના માળખાને સ્ટ્રક્ચરલ એક્સપર્ટે ભયજનક જાહેર કર્યો, હાઈકોર્ટે પણ સ્વીકાર્યું
- હાઈકોર્ટના આદેશે મનપાએ પાર્કિંગ, ટોઈલેટ અને પાણીની સુવિધા સાથે શેડ તૈયાર કર્યા, 29 દુકાનદારો (33 દુકાનો)ની સંમતિ મળતા ફાળવાયા
- જર્જરિત માળખું બજારની મધ્યમાં હતું, પાછળ એસટી સ્ટેન્ડ છે, જો પડે તો મોટી જાનહાનિ થાય તેવી ભિતી હતી

દુકાનદારો: 2022થી પાલિકાએ ભાડું લેવાનું બંધ કર્યું

- તત્કાલિન પાલિકાએ વર્ષ 1950 - 60 ના અરસામાં ડિપોઝીટ-ભાડું લઈને જગ્યા ફાળવી હતી
- 6 દાયકાથી ભાડું અપાતું હતું, વર્ષ 2022 થી તત્કાલિન પાલિકાએ ભાડું લેવાનું બંધ કર્યું
- 3 સપ્ટેમ્બર 2024 ના રોજ દુકાનદારોને પહેલી નોટિસ, 25 નવેમ્બર 2024 ના બીજી નોટિસ આપી, દુકાનો ખાલી કરવા કહેતાં મામલો હાઈકોર્ટમાં ગયો
- 1 લી મે 2025 ના કોર્ટે નિર્દેશ જારી કર્યો અને વૈકલ્પિક વ્યવસ્થા આપવા મનપાને કહ્યું
- મનપાએ હાલની દુકાનો જેટલું ક્ષેત્રફળ ધરાવતી વૈકલ્પિક સુવિધા નથી આપી, સેમી પરમેનન્ટ કન્સ્ટ્રક્શન નથી.

નાળા પાસે દીવાલનો ભાગ નમી પડતા જોખમ

ભાસ્કર ન્યૂઝ | ઉચ્છાપાન

છોટાઉદેપુર જિલ્લા ના બોડેલી નગર પાલિકા માં આવેલા ઢોકલીયા જાહેર માર્ગ પર આવેલા નાળાની દીવાલ નીચે ભારે ધોવાણ થવાના કારણે દીવાલ એક તરફ ઝૂકી જવાના કારણે ગમે તે સમયે ધરાશાયી થવાની ભીતિ ઊભી થઈ છે.

આ વિસ્તારથી રોજિંદા મોટી સંખ્યામાં રાહદારીઓ તથા વાહનોની અવરજવર રહેતી હોવાથી કોઈપણ અચાનક અકસ્માત સર્જાઈ શકે તેવી પરિસ્થિતિ છે. સ્થાનિક નાગરિકોમાં ભયનો માહોલ છે અને તંત્રની બેદરકારી સામે રોષ વ્યક્ત થઈ રહ્યો છે.

ફતેપુરામાં નવો રોડ બનાવવામાં પાણીની લાઇન તોડી નાખી

રસ્તે પસાર થતા રાહદારીઓને હાલાકી ભોગવવાનો વારો

ફતેપુરાના પોલીસ લાઈન રોડ અને નવા બસ સ્ટેશન વિસ્તાર તરફ રસ્તા પર ભરાયેલ પાણીના દ્રશ્યો જોઈ શકાય છે.

ભાસ્કર ન્યૂઝ | ફતેપુરા

ફતેપુરાના કામેશ્વર મહાદેવ મંદિરથી લઈ નવા બસ સ્ટેશન થઈ તેલ ગોળા શાળા સુધી નવીન સીસી રોડ બનાવવાની કામગીરી ચાલી રહી છે.

જેના ભાગરૂપે જુનો રસ્તો તોડાયો છે. જુનો રસ્તો તોડવામાં આવતા લોકોના ઘર વપરાશના પાણીની પાઈપલાઈનના નળ કનેક્શનનો બહાર આવી જવા પામ્યા છે. લોકોના ઘર વપરાશના પાણીના નળ કનેક્શન બહાર આવતા રસ્તા પર પસાર થતા વાહન ચાલકોના કારણે લોકોના ઘર વપરાશના પાણીના પાઈપ લાઈન તૂટી જતા ભંગાણ સર્જાયું હતું. પાણીની પાઈપલાઈન તૂટી જતા પંચાયત દ્વારા આ વિસ્તારમાં લોકોને નળ કનેક્શન આપવામાં આવતા તુટેલ પાઈપલાઈનના કારણે પાણી રસ્તા ઉપર રેલાયુ હતું. તુટેલ પાઈપલાઈન માંથી પાણી વહેરાતા રસ્તા પર પાણી ભરાઈ જતા રસ્તા પર જળબંબાકાર પાણીના દ્રશ્યો સર્જાયા હતા. જેને લઈને રસ્તે પસાર થતા વાહન ચાલકો અને રાહદારિયોને પારાવાર હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.

વાહનચાલકો સહિત ખાસ કરીને બાઈકસવારો માટે રસ્તો જોખમી

દે.બારિયા સમડી સર્કલથી ભે દરવાજા સુધીનો માર્ગમાં ખાડાઓનું સામ્રાજ્ય

વહીવટી તંત્રની ઉદાસીનતા સામે નગરજનોમાં રોષની લાગણી

દેવગઢબારિયા સમડી સર્કલથી ભે દરવાજા સુધીનો માર્ગ અત્યંત દયનીય હાલતમાં ફેરવાઇ ગયો છે.

ભાસ્કર ન્યૂઝ | ધાનપુર

દેવગઢ બારિયા તાલુકાના નગર વિસ્તારમાંથી પસાર થતો સમડી સર્કલથી ભે દરવાજા સુધીનો મુખ્ય માર્ગ હાલ અત્યંત દયનીય હાલતમાં જોવા મળી રહ્યો છે.

માર્ગ પર ઠેરઠેર ફૂટ ફૂટ જેટલા ઊંડા ખાડાઓ પડેલા હોવાથી અહીંથી પસાર થવું વાહનચાલકો માટે મુશ્કેલ અને જોખમી બન્યું છે. ખાસ કરીને મોટરસાયકલ ચાલકોને સંતુલન જાળવીને વાહન ચલાવવું કઠિન બન્યું છે. જેના કારણે અકસ્માતની શક્યતા સતત મંડરાઈ રહી છે.

આ ખાડાઓમાંથી પસાર થતી વખતે વાહનચાલકોને ભારે ઝાટકા લાગતા હોવાથી કમર અને વાહનને નુકસાન પહોંચે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. ભે દરવાજાથી છોટાઉદેપુર રોડ તેમજ વડોદરા પાવાગઢ માર્ગ પર વહીવટી તંત્ર દ્વારા ખાડાઓ પર તાત્કાલિક થીંગડા માર્યા છે. પરંતુ દેવગઢ બારિયા નગરના આ મહત્વના માર્ગ તરફ સંપૂર્ણ બેદરકારી દાખવી હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે. આ માર્ગ પરથી છોટાઉદેપુર, વડોદરા તથા પાવાગઢ તરફ જતાં અનેક વાહનો રોજ પસાર થાય છે. પરંતુ ખખડધજ રસ્તા કારણે લોકોને ભારે હાલાકી સહન કરવી પડી રહી છે.

જાગૃત નગરજનોમાં એવી ચર્ચા છે કે શું કોઈ અધિકારી કે નગરસેવક આ માર્ગ પરથી પસાર થાય છે કે કેમ. ઠેર ઠેર પડેલા ખાડાઓથી લોકો પરેશાન થઈ ચૂક્યા છે ત્યારે સમડી સર્કલથી ભે દરવાજા સુધીના માર્ગનું તાત્કાલિક નવીનીકરણ કરવામાં આવે તેવી ઉગ્ર લોક માંગ ઉઠવા પામી છે.

સંતરામપુરમાં 14 લાખના ઈ-ટોયલેટ બિનઉપયોગી થતા ધુળખાતી હાલતમાં

જાગૃતતાના અભાવે ઇ ટોયલેટનો કોઈ ઉપયોગ કરતુ નથી. - ઇન્ચાર્જ એસઆઇ

ભાસ્કર ન્યૂઝ | સંતરામપુર

સંતરામપુર પાલિકા દ્વારા 6 માસ અગાઉ નગરના ગોધરા ભાગોળ વિસ્તારના બસ સ્ટેશન પાસે અને પ્રતાપુરા વિસ્તારમાં શૌચાલયની સુવિધા મળી રહે તે હેતુથી પાલિકાએ અંદાજિત રૂ.14 લાખ ખર્ચ કરીને 2 અલગ અલગ વિસ્તારોમાં ઈ-ટોયલેટ ઊભા કરેલા હતા.. આ ટોયલેટમાં સંપૂર્ણ સુવિધા છે. પરંતુ જે પણ વ્યક્તિને ટોયલેટનો ઉપયોગ કરવો હોય તો 5 રૂપિયાના સિક્કો નાખો એટલે તેનો ઉપયોગ થઈ શકે છે. પરંતુ જાગૃતતાના અભાવે અત્યારે આ ટોયલેટનો કોઈ ઉપયોગ કરતો નથી. જ્યારે નાગરીકોને 5 રૂપિયા ખર્ચ કરવા પણ અઘરા પડતા હોય તેમ લાગી રહ્યુ છે. પાલિકા બનાવ્યા પછી આજે સુધી તેનો ઉપયોગ કરેલો જ નથી. આથી આ બંને ટોઈલટો બનાવેલા ધૂળ ખાય છે. ટોયલેટની ચારે બાજુ ગંદકી પણ જોવા મળી રહેલી છે. પાલિકાએ ઈ-ટોયલેટના બોર્ડ માર્યો એની ઉપર જ ખાનગી જાહેરાતમાં પોસ્ટરો પણ મારી દેવામાં આવેલા છે.

પાલિકાએ ખર્ચ કર્યા પછી પણ લોકો માટે બિન ઉપયોગી બન્યો છે. ત્યારે પાલિકા દ્વારા જાગૃતતા ફેલાવાય તે જરૂરી છે. બીજી બાજુ પાલિકા નવો રસ્તો બનાવે જઈ રહેલી છે. એ સમયે આ ટોયલેટ ફરીથી ખસેડવાનું કે તોડી પડવાનું એંધાણ છે. ત્યારે ઇન્ચાર્જ એસ આઈ નિલેશભાઈએ જણાવ્યુ છે કે જાગૃતતા ના અભાવે ઈ ટોયલેટનો કોઈ ઉપયોગ કરતુ નથી.

સગીર દીકરીના મૃત્યુ મામલે 5 સામે ગુનો

ભાસ્કર ન્યૂઝ | દાહોદ

દાહોદ તાલુકાના ગુંદિખેડા ગામના કાચલા ફળિયામાં રહેતા રણજીતભાઈ ચતુરભાઈ માવી પરિવાર સાથે રહે છે.

ગત દિવસોમાં કુટુંબીજનો રમેશભાઈ પાંગળાભાઈ માવી, સિનુભાઈ રમેશભાઈ માવી, ભુરાબેન સિનુભાઈ માવી, મનોજભાઈ રમેશભાઈ માવી અને રમીલાબેન રમેશભાઈ માવી તેમના ઘરના પાછળ આવી સગીર દીકરી કાજલબેન પર મોબાઈલ ચોરી અને અન્ય આક્ષેપો લગાવી ગાળાગાળી કરતા રણજીતભાઈએ ગામના આગેવાનોને જાણ કરી તપાસ કરાવી હતી, જેમાં આક્ષેપો અંગે કોઈ સ્પષ્ટતા મળી ન હોવાનું જણાવાયું હતું. બીજા દિવસે વહેલી સવારે સગીરા કાજલબેન રૂમમાં પંખાના હુકમાં ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળતા આગેવાનો અને પોલીસ સ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ટીમરડા સરકારી દવાખાને મોકલી મૃતકના પિતાએ કતવારા પોલીસ મથકે અરજી તેમજ કોર્ટના હુકમથી આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

નામ ફેરફાર વિગત

જૂનું નામ: પઠાણ રમજાન ખાન અબ્બાસખાન

નવું નામ: પઠાણ ઇશાકખાન

સરનામું: 19 કરીમ કોલોની,હાલોલ, હાલોલ, પંચમહાલ, ગુજરાત – 389350

ગુજરાત ગ્રામીણ બેન્ક - રીજીયોનલ ઓફિસ ગોધરા

૧, કાલિન્દી મહાવીર જૈન સોસાયટી, ગોધરા-૩૮૯ ૦૦૧, જી. પંચમહાલ. મો: ૯૯૦૯૯૯૯૭૪૪

દેવગઢ બારીયા શાખા માટે જગ્યા જોઈએ છે.

ગુજરાત ગ્રામીણ બેંક તેની દેવગઢ બારીયા શાખા માટે લીઝ/ભાડા પેટે ભોયતળિયે અથવા પ્રથમ માળે હોય તેવા, અંદાજીત ૧૨૦૦ થી ૧૫૦૦ ચો.ફૂટ જગ્યા ધરાવતા તથા પાર્કિંગ, પાણી, વીજળીની સુવિધા ધરાવતા મકાન માટે અરજી મંગાવે છે. મ્યુનિસિપાલિટી વેરો, મેઈન્ટેનન્સ વગેરે મકાન-માલિકે ભરવાનું રહેશે. મકાન પઝેશન માટે તૈયાર સ્થિતિમાં હોવું જોઈએ. રસ ધરાવતી વ્યક્તિઓએ ઓફર રકમ સાથેની અરજી (ટેકનીકલ બીડ અને ફાયનાન્સીયલ બીડ) બે અલગ-અલગ સીલ-બંધ કવરમાં તારીખ ૧૭.૦૧.૨૦૨૬, સાંજના ૫ વાગ્યા સુધીમા બેંકના ઉપરોક્ત સરનામે મોકલી આપવાની રહેશે. સરકારી સંસ્થા અથવા PSU સંસ્થાઓ દ્વારા પણ અરજી કરી શકાશે.

વધુ વિગતો માટે, બેંકની વેબસાઈટ https://www.ggb.bank.in ની મુલાકાત લેવી. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય કોઈપણ અથવા તમામ ઓફર મંજુર અથવા નામંજુર કરવાનો અબાધિત અધિકાર બેંક પાસે રહેશે.

તારીખ: ૨૪.૧૨.૨૦૨૫ – સ્થળ: ગોધરા સતીષકુમાર યાદવ – રીજીયોનલ મેનેજર

ગુજરાત ગ્રામીણ બેન્ક - રીજીયોનલ ઓફિસ ગોધરા

૧, કાલિન્દી મહાવીર જૈન સોસાયટી, ગોધરા-૩૮૯ ૦૦૧, જી. પંચમહાલ. મો: ૯૯૦૯૯૯૯૭૪૪

લુણાવાડા શાખા માટે જગ્યા જોઈએ છે.

ગુજરાત ગ્રામીણ બેંક તેની લુણાવાડા શાખા માટે લીઝ/ભાડા પેટે ભોયતળિયે અથવા પ્રથમ માળે હોય તેવા, અંદાજીત ૧૨૦૦ થી ૧૫૦૦ ચો.ફૂટ જગ્યા ધરાવતા તથા પાર્કિંગ, પાણી, વીજળીની સુવિધા ધરાવતા મકાન માટે અરજી મંગાવે છે. મ્યુનિસિપાલિટી વેરો, મેઈન્ટેનન્સ વગેરે મકાન-માલિકે ભરવાનું રહેશે. મકાન પઝેશન માટે તૈયાર સ્થિતિમાં હોવું જોઈએ. રસ ધરાવતી વ્યક્તિઓએ ઓફર રકમ સાથેની અરજી (ટેકનીકલ બીડ અને ફાયનાન્સીયલ બીડ) બે અલગ-અલગ સીલ-બંધ કવરમાં તારીખ ૧૭.૦૧.૨૦૨૬, સાંજના ૫ વાગ્યા સુધીમા બેંકના ઉપરોક્ત સરનામે મોકલી આપવાની રહેશે. સરકારી સંસ્થા અથવા PSU સંસ્થાઓ દ્વારા પણ અરજી કરી શકાશે.

વધુ વિગતો માટે, બેંકની વેબસાઈટ https://www.ggb.bank.in ની મુલાકાત લેવી. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય કોઈપણ અથવા તમામ ઓફર મંજુર અથવા નામંજુર કરવાનો અબાધિત અધિકાર બેંક પાસે રહેશે.

તારીખ: ૨૪.૧૨.૨૦૨૫ – સ્થળ: ગોધરા સતીષકુમાર યાદવ – રીજીયોનલ મેનેજર

લીમખેડા પ્રાંત અધિકારી દ્વારા વિવિધ ગામોની ઓચિંતી મુલાકાત

ભાસ્કર ન્યૂઝ | નાની બાંડીબાર

લીમખેડા પ્રાંત અધિકારી દ્વારા લીમખેડા અને સિંગવડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકાર્યોની સમીક્ષા અને વહીવટી પારદર્શિતા લાવવાના હેતુથી સરપ્રાઈઝ વિઝિટ કરી હતી. અધિકારીએ લીમખેડાના સતીફળિયા તેમજ સિંગવડ તાલુકાના શણગીયા અને તોયણી ગામની મુલાકાત લઈ પંચાયતના રેકોર્ડની ઝીણવટભરી તપાસ કરી હતી.

પ્રાંત અધિકારીએ સિંગવડના તોયણી ગામમાં આવેલા "આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર"ની મુલાકાત લઈ સ્થાનિક ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. ગ્રામજનોએ તોયણી ગામની પ્રાથમિક શાળામાં ખૂટતા ઓરડાઓ અને આંગણવાડીના નવીન મકાનની તાતી જરૂરિયાત અંગે અધિકારીને રજૂઆત કરી હતી. અધિકારીએ આ પ્રશ્નોને ગંભીરતાપૂર્વક સાંભળી યોગ્ય નિરાકરણ લાવવા ખાતરી આપી હતી.

ઉપરાંત ગામમાં ચાલી રહેલા વિવિધ વિકાસલક્ષી કામોની સ્થળ પર જઈ ગુણવત્તા અને પ્રગતિની તપાસ કરવામાં આવી હતી. પ્રાંત અધિકારીએ ગ્રામજનો સાથે બેઠક યોજી ગામની પ્રાથમિક સુવિધાઓ, પીવાના પાણીની વ્યવસ્થા અને અન્ય પડતર પ્રશ્નો અંગે ચર્ચા-વિચારણા કરી હતી.

મોરવા(રેણાં)માં મહિલા, 2 પુત્રીઓને મારમારતા ફરિયાદ

દીવાલને પ્લાસ્ટર કરવા બાબતે બોલાચાલી થઇ હતી

ભાસ્કર ન્યૂઝ | શહેરા

મોરવા(રેણાં)માં દિવાલના પ્લાસ્ટર અંગેની બોલાચાલીમાં મહિલા અને બે પુત્રીઓને અપશબ્દો બોલી માર મારતા શહેરા પોલીસ મથકે ત્રણ સામે ફરિયાદ નોંધાઈ છે.

મોરવા(રેણાં)ના બસ સ્ટેન્ડ ફળીયાના પાર્વતીબેને ઘરની દીવાલને પ્લાસ્ટરનું કામ કરવાનું હોવાથી 19 ડિસે મજુરો બોલાવી પ્લાસ્ટરનું કામ કરવતા હતા. ત્યારે પાડોશમાં રહેતા સંજય શાંતિલાલ બારીયા અને તેની પત્ની દીપીકા બારીયા આ દીવાલ અમારી જમીનમાં છે. હું આ દિવાલને પ્લાસ્ટર નહીં કરવા દઉં તેમ કહી પાર્વતીબેન સાથે ઝગડો કર્યો હતો. જે બાબતે પાર્વતીબેને પોલીસ મથકે અરજી આપી હતી. ત્યારે સાંજે સંજયભાઈ બારીયાએ પાર્વતીબેનના કુટુંબના માણસો ભેગા કરી સંજયભાઈ અને તેની પત્ની દીપિકા પાર્વતીબેનને કહેતા હતા કે તમોએ પોલીસ સ્ટેશનમાં કેમ અરજી આપી કહી ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા તેઓ ઉશ્કેરાઈ સંજયભાઈએ પાર્વતીબેનને ગડદાપાટુનો માર મારતા પુત્રીઓ જાગૃતિ અને શ્રધ્ધા આવી જતા તેને પણ ગડદાપાટુનો માર મારી નીચે પાડી દીધી હતી. પાર્વતીબેનની પુત્રી શ્રધ્ધા સગર્ભા હોય તેને નીચે પડી જતા વાગતા 108માં કાંકણપુર સરકારી દવાખાને લઈ જઈ દવા સારવાર કરાવી હતી. ત્યારે આ સમગ્ર બાબતે પાર્વતીબેન બારીયાએ શહેરા પોલીસ મથકે પહોંચી સંજય શાંતિલાલ બારીયા,તેની પત્ની દીપિકા અને પુત્ર મિહિર સામે ફરિયાદ નોંધાવી હતી.

જાહેર નોટીસ — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં — કેસ નં.223/2025, તા.04/12/2025

અરજદાર: માવી ભારતાભાઈ ઝીથરાભાઈ રહે. ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : 13(3) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.-

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી માવી ભારતાભાઈ ઝીથરાભાઈના પુત્રી નામે માવી સરોજબેન ભારતાભાઈનો જન્મ તા. 02/12/2008 નારોજ ગામ. ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ,તા.ગરબાડા,જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીનારી ડા(ભીલવા) જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:13(3) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતાં જે કોઈ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન 15 (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ : 04/12/2025, સ્થળ : ગરબાડા — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા

જાહેર નોટીસ — જન્મ-મરણ અરજી નંબર:-275/2025

મે ગોધરા (ગ્રામ્ય)ના એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ગોધરા, જિ.પંચમહાલ

અરજદાર:- (૧) નાયકા અરવિંદભાઈ અમરસિંગ રહે. અંધાર ફળીયુ, છારીઆ, તા. ગોધરા, જિ. પંચમહાલ

વિરૂધ્ધ

સામાવાળા :- (2) જન્મ-મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયતની કચેરી, છારીઆ, તા.ગોધરા

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે તેઓના માતા નામે "જનદીબેન અમરસીંગ નાયકા" નું મરણ તા. ૧૪/૦૨/૨૦૧૭ ના રોજ મોજે. છારીઆ, તા. ગોધરા, જિ. પંચમહાલ ખાતે થયેલ હતું. તેનું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેઓના માતા નામે "જનદીબેન અમરસીંગ નાયકા" ના મરણની નોંધ સામાવાળાના મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ. સામાવાળાના રજીસ્ટરે મરણની નોંધણી કરાવવા સારુ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા. ૧૨/૦૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૨ : ૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા-તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો. આજ તારીખ. ૦૮/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી (તરૂણકુમાર ડી. પટેલ) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ગોધરા(ગ્રામ્ય)

જાહેર નોટીસ — જન્મ-મરણ અરજી નંબર:-276/2025

મે ગોધરા (ગ્રામ્ય)ના એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ગોધરા, જિ.પંચમહાલ

અરજદાર:- (૧) નાયકા દીનાભાઈ સરદારભાઈ રહે. અંધાર ફળીયુ, છારીઆ, તા. ગોધરા, જિ. પંચમહાલ

વિરૂધ્ધ

સામાવાળા :- (2) જન્મ-મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયતની કચેરી, છારીઆ, તા.ગોધરા

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હીત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે તેઓના માતા નામે નાયકા કમલીબેન સરદારભાઈ'નું મરણ તા. ૧૫/૦૭/૨૦૧૦ ના રોજ મોજે. છારીઆ, તા. ગોધરા, જિ. પંચમહાલ ખાતે થયેલ હતું. તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેઓના માતા નામે 'નાયકા કમલીબેન સરદારભાઈ' ના મરણની નોંધ સામાવાળાના મરણ રજીસ્ટરે કરવાની રહી ગયેલ હોઈ. સામાવાળાના રજીસ્ટરે મરણની નોંધણી કરાવવા સારુ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો-તકરાર હોય તો તેમણે આ કોર્ટની સમક્ષ તા. ૧૨/૦૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૨ : ૦૦ કલાકે લેખિતમાં પોતાના વાંધા-તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશો તો આ કોર્ટ સદર અરજી અંગે કાયદેસરની આગળની કાર્યવાહી કરશે. જેની નોંધ લેશો. આજ તારીખ. ૦૮/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી (તરૂણકુમાર ડી. પટેલ) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, ગોધરા(ગ્રામ્ય)

જાહેર નોટીસ — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં — કેસ નં.222/2025, તા.06/11/2025

અરજદાર: માવી ભારતાભાઈ ઝીથરાભાઈ રહે. ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : 13(3) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.-

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી માવી ભારતાભાઈ ઝિથરાભાઈના પુત્રી નામે માવી સાવિત્રીબેન ભારતાભાઈનો જન્મ તા.15/11/2003ના રોજ ગામ. ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ,તા.ગરબાડા,જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:13(3) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતાં જે કોઈ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન 15(પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ : 06/11/2025, સ્થળ : ગરબાડા — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા

જાહેર નોટીસ — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં — કેસ નં.221/2025, તા.06/11/2025

અરજદાર: માવી ભારતાભાઈ ઝીથરાભાઈ રહે. ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ

સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : 13(3) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.-

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી માવી ભારતાભાઈ ઝિથરાભાઈના પુત્ર નામે માવી વિપુલભાઈ ભારતાભાઈનો જન્મ તા.10/ 05/ 2007ના રોજ ગામ. ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જિ. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,ઝરીબુઝર્ગ, તા.ગરબાડા, જિ. દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:13(3) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતાં જે કોઈ ઇસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન 15(પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ : 06/11/2025, સ્થળ : ગરબાડા — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા

જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ સતીષ વી. પટેલ રહે.ગોધરાના તે અમારા અસીલ વિરલ મણીલાલ પટેલ રહે.વણાંકબોરી, થર્મલ પાવર સ્ટેશન, ખેડા ની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

મોજે વાવડી બુઝર્ગ, તા.ગોધરા, જિ.પંચમહાલના રે.સર્વે નંબર-44/19 પૈકી પ્લોટ નં.45 ની 88.00 ચો.મીટર જમીન અનુસંધાને ગોધરા સબ રજીસ્ટ્રારમાં નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર – 2176/2005 ઓરીજીનલ અમારા અસીલ ના કબજામાં હતો.જે અસલ દસ્તાવેજ ઝેરોક્ષ કઢાવવા માટે તા.11/11/2025 ના રોજ સવારના 11-00 વાગ્યાના અરસામાં તેઓને ઘરેથી ગોધરા બી.વી.ગાંધી પેટ્રોલપંપ ની બાજુમાં આવેલ વિજય ઝેરોક્ષ પર જતા તે દરમ્યાન રસ્તામાં કોઈ જગ્યાએ પડી ગયેલ છે એટલે કે ખોવાઈ ગયેલ છે.

વાસ્તે, આ જાહેર નોટીસથી જણાવવાનું કે, ઉપરોક્ત અસલ વેચાણ દસ્તાવેજ કોઈને મળેલ હોય કે કોઈના કબજામાં હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-7 માં નીચે દર્શાવેલ સરનામે મોકલી આપશો. તેમજ જો કોઈપણ વ્યક્તિ કે સંસ્થાના સદર દસ્તાવેજ કે સદર જમીન અંગે બીજા કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હક્ક, હીત, સંબંધ કે ચાર્જ, મોર્ગેજ કે ઈતર કોઈપણ હક્ક, અધિકાર હોય તો તેની લેખીત પુરાવા સહીતની જાણ અમોને નીચેના સરનામે કરવી. મુદત વિત્યે કોઈપણ વાંધા ધ્યાને લેવામાં આવશે નહી અને અમારા અસીલને અમો નો કલેઈમ સર્ટીફીકેટ ઈસ્યુ કરીશુ. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા.23/12/2025

સતીષ વી. પટેલ (એડવોકેટ)

સરનામુ : ૨૫,પરમહંસ સોસાયટી, બામરોલી રોડ, મુ.ગોધરા - ૩૮૯ ૦૦૧ જિ. પંચમહાલ

જાહેર નોટીસ

આથી અમે એડવોકેટ સતીષ વી. પટેલ રહે.ગોધરાના તે અમારા અસીલ રાધાબેન દિનકરભાઈ પટેલ રહે.અલંકાર સોસાયટી, ગોધરા ની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

મોજે ગોધરા સીટી પૂર્વ વિભાગ નવીન એરીઆના સીટી સર્વે નંબર-271 ની 66.89.04 ચો.મીટર જમીન તથા તે ઉપર આવેલ મકાન અનુસંધાને ગોધરા સબ રજીસ્ટ્રારમાં નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર - 1937/1996 ઓરીજીનલ અમારા અસીલ ને કબજામાં હતો.જે અસલ દસ્તાવેજ ઝેરોક્ષ કઢાવવા માટે તા.16/10/2025 ના રોજ બપોરે 2-00 વાગ્યાના અરસામાં તેઓના ઘરેથી બસ સ્ટેન્ડની બાજુમાં આવેલ કોપી એક્સપ્રેસ ઉપર જતા તેદરમ્યાન રસ્તામાં કોઈ જગ્યાએ પડી ગયેલ છે એટલે કે ખોવાઈ ગયેલ છે.

વાસ્તે, આ જાહેર નોટીસથી જણાવવાનું કે, ઉપરોક્ત અસલ વેચાણ દસ્તાવેજ કોઈને મળેલ હોય કે કોઈના કબજામાં હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-7 માં નીચે દર્શાવેલ સરનામે મોકલી આપશો. તેમજ જો કોઈપણ વ્યક્તિ કે સંસ્થાના સદર દસ્તાવેજ કે સદર જમીન અંગે બીજા કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હક્ક, હીત, સંબંધ કે ચાર્જ, મોર્ગેજ કે ઈતર કોઈપણ હક્ક, અધિકાર હોય તો તેની લેખીત પુરાવા સહીતની જાણ અમોને નીચેના સરનામે કરવી. મુદત વિત્યે કોઈપણ વાંધા ધ્યાને લેવામાં આવશે નહી અને અમારા અસીલને અમો નો કલેઈમ સર્ટીફીકેટ ઈસ્યુ કરીશુ. જેની જાહેર જનતાએ તથા લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા.23/12/2025

સતીષ વી. પટેલ (એડવોકેટ)

સરનામુ : ૨૫,પરમહંસ સોસાયટી, બામરોલી રોડ, મુ.ગોધરા - ૩૮૯ ૦૦૧ જિ. પંચમહાલ

બેસણું / શ્રદ્ધાંજલિ

ૐ શાંતિ ૐ

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પ.પૂ માતૃશ્રી ગં.સ્વ. સુશીલાબેન રમણલાલ શેઠ સંવત. ૨૦૮૨ પોષ સુદ એકમ, તા. ૨૦-૧૨-૨૦૨૫, શનિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે તથા વ્રજમાં વાસ આપે.

સદ્ગતનું બેસણું : તા. ૨૫-૧૨-૨૦૨૫, ગુરૂવારના રોજ સાંજે ૦૪ થી ૦૬ ના સમયે શ્રી દશા શ્રીમાળી વાડી, પ્રભાકુંજ સોસાયટી ગોધરા ખાતે રાખેલ છે.

સ્વ. સુશીલાબેન રમણલાલ શેઠ

સ્વ. તા. ૨૦/૧૨/૨૦૨૫

ગોધરા.

મેહુલભાઈ શેઠ
હિમાંશુભાઈ શેઠ
કમલભાઈ શેઠ

ચંદ્રકાંત રમણલાલ શેઠ(૯૨૨૮૧૩૭૮૭૦)
અરૂણભાઈ રમણલાલ શેઠ(૯૪૨૯૯૬૮૯૬૪)
ગો.વા. રાજેન્દ્રભાઈ રમણલાલ શેઠ
લતાબેન રમણલાલ શેઠ
(સરકારી વકીલ-૯૪૨૬૪૫૧૬૮૮)

શ્રદ્ધાંજલિ



પરમધામવાસી કાળુભાઇ ગોવિંદભાઈ પરમાર (કે.જી.પરમાર)

સ્વ.તા.22/12/ 2025

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી. જે નાશ પામે છે તે શરીર છે. આત્મા આજીવન શાશ્વત અને અમર છે. ઇશ્વર આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના.

સત્સંગ સભા : 28/12/25 સમય : સવારે 10 થી બપોર 2 સુધી

સ્થળ : મુ. લાડપુર, તા. ગોધરા, જી. પંચમહાલ

લિ.

શ્રી રાજ ગ્રુપ ઓફ કોલેજ પરિવાર, ગઢ.